**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૪ ટકા

# શહેરમાં પાંચ દિવસ સુધી બેવડી ઋતુ અનુભવાશે

## સવારે અને રાત્રે ઠંડી, બપોરે ગરમી અનુભવાશે : ગાંધીનગરમાં ૧૫ થી ૨૦ ડિગ્રી પારો રહેશે




ગાંધીનગર, તા.૭

શહેરભરમાં આ વર્ષે ઠંડીએ ભુક્કા બોલાવી દીધા છે. વર્ષો બાદ આવી કાતિલ ઠંડી અનુભવી છે ત્યારે માંડ હવે ઠંડીથી રાહત મળી છે. ત્યારે હવામાન ખાતાએ આગાહી કરી છે કે આગામી પાંચ દિવસ સુધી બેવડી ઋતુ રહેશે. સવારે અને રાત્રે ઠંડી જયારે બપોરે ગરમીનો અહેસાસ થશે. જેમાં ગાંધીનગરમાં ૧૫થી ૨૦ ડિગ્રી પારો રેશે. ઠંડી હવે વિદાય લઈ રહી છે. બપોરે લોકોને ગરમીનો અનુભવ થઈ રહયો છે. લોકો એસી અને પંખા શરૂ કરીને ગરમીથી રાહત અનુભવતા થઈ ગયા છે. પરંતુ રાત્રે બાર વાગ્યે કડકડતી ઠંડીનો અનુભવ યથાવત છે. વહેલી સવારે પણ ઘાઢ ધુમ્મસ જોવા મળે છે. જેમાં વાહન ચાલકોને હાલાકી પડે છે. છેલ્લા લાંબા સમયથી ગાત્રો થીજવતી ઠંડીના કારણે પ્રજા ફફડી ઉઠી હતી. ઠંડીના કારણે પ્રજાને છેલ્લા બે દિવસથી રાહત થઈ છે. હવે પછી લગ્નના અવસરોમાં પંખા ફરજીયાત કરવા પડે તેવી સ્થિતી આવી રહી છે. બેવડી ઋતુના કારણે બિમારીનું પ્રમાણ વધે તેવી પણ ભીતી સેવાઈ રહી છે.

શહેરમાં મોટાભાગના લોકો હવે ગરમ વસ્ત્રો વગર જોવા મળે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દસ દિવસમાં ઠંડી વિદાય લેશે અને ઉનાળાનું આગમન થશે. ઉનાળો આકરો રહેવાની સંભાવના છે. આગામી સપ્તાહમાં અનેક વિસ્તારમાં બપોરના તાપમાનનો પારો ૩૨થી ૩૩ ડિગ્રીને આંબી જાય તેવી સંભાવના વ્યક્ત થઈ છે. અંબાલાલ પટેલે માવઠાની પણ આગાહી કરી છે. તા.૨૨-૨૬ ફેબ્રુઆરી દરમિયાન માવઠાની શકયતા રહેશે. તેથી બેવડી ઋતુનો અનુભવ આ મહિનામાં સતત અનુભવાશે.

શહેરમાં વહેલી સવારે અને સાંજે વોકીંગ કરનારાઓ અને કસરત કરનારાઓની સંખ્યા પણ ખુબજ છે. પોતાના સ્વાસ્થ્યની કાળજી લેતા નાગરિકો વહેલી સવારે રનીંગ, વોકીંગ, સાયકલીંગ, યોગ વગેરે કરી રહયા છે. ઠંડીની આ મોસમની લોકો મજા માણી રહયા છે. ઠંડી વિદાય લે તે પહેલા સૌ કોઈ ઠંડીની મજા અને આનંદ લઈ રહયા છે.

**જન્મદિને વધામણી**




અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



હર્ષિલ વ્યાસ
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



અનાયા એલ્ડન ક્રિશ્ચિયન
મો. ૯૮૯૮૩ ૨૮૪૭૦



પટેલ સોનલ સપનેશભાઈ

## લાયન્સ ક્લબ ઓફ ફેમિના દ્વારા રક્તદાન કેમ્પ સંપન્ન



ગાંધીનગર, તા.૭

લાયન્સ ક્લબ ઓફ ફેમિના દ્વારા સરદારપુર ખાતે યોજાયેલ સમૂહ લગ્નમાં "મેગા બ્લડ ડોનેશન કેમ્પ" યોજાયો હતો. આ સેવાયજ્ઞમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ કેમ્પમાં પધારી રક્તદાન કરી જાગૃત નાગરિકની ફરજ અદા કરી, સેવાની મશાલ પ્રજ્વલીત રાખી હતી અને સમાજમાં ઉદાહરણીય સેવા કાર્ય કર્યું હતું.

આ "મેગા બ્લડ ડોનેશન કેમ્પ" લાયન્સ બ્લડ બેંક અને વિજાપુર લાયન્સ પરિવારના ભરપૂર સહયોગથી સંપન્ન થયો હતો. આ "મેગા બ્લડ ડોનેશન કેમ્પ" માં ૧૨૬ બોટલ રક્ત એકત્રિત થયું હતું, જે રક્તદાન સેવા માટે લોકોનો વિશ્વાસ અને જાગૃતિ દર્શાવે છે. કાર્યક્રમના અંતમાં ભારતીય પરંપરા મુજબ દરેક રક્તદાતાને ભેટ અને સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યાં હતાં. સમગ્ર સેવા કાર્યને સફળ બનાવવામાં પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ, જોઈન્ટ સેક્રેટરી ગીતાબેન પટેલ અને અન્ય કારોબારી બહેનોનો ખૂબ સાથ સહકાર મળી રહ્યો હતો. રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે લાયન્સ ક્લબ ઓફ ફેમિનાના ગીતાબેન પટેલ તરફથી ભેટ આપવામાં આવી હતી. લાયન્સ બ્લડ બેંકના સચીનભાઈ અને એમની ટીમનો સહકાર મળ્યો હતો. વિજાપુર લાયન્સ પરિવારે રકતદાન શિબિરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતમાં ભવિષ્યમાં પણ આવો જ સહયોગ મળી રહે તે વિનંતી સાથે પ્રમુખ ડિમ્પલબેન દેસાઈએ સૌનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ ઘોષિત કર્યો હતો.

## કડી કેમ્પસની કોમ્પ્યુટર સ્ટડીઝની કોલેજો દ્વારા સોફટવેર ટેસ્ટીંગ શોર્ટ ટર્મ કોર્સનું સફળ આયોજન



ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલના માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીઓના રેગ્યુલર અભ્યાસક્રમ સાથે ભવિષ્યમાં આવનાર નવીનતમ ટેકનોલોજીનો પણ ઉપયોગ કરી શકે તેવા અભિગમ સાથે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત બી પી કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ વી ઈન્સ્ટીટ્યુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ ગાંધીનગર બીસીએ કોલેજ દ્વારા સોફટવેર ટેસ્ટિંગ શોર્ટ કોર્સ સાતમી શૃંખલાનું સફળ આયોજન ડિસેમ્બર-૨૦૨૨ તથા જાન્યુઆરી ૨૦૨૩ માં કરવામાં આવ્યું હતું. સોફટવેર ટેસ્ટિંગ શોર્ટ ટર્મ કોર્સ -૭ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતું. બીસીએ ડીગ્રી કર્યા બાદ આઈટી ઈન્ડસ્ટ્રીમાં (Quality Assurance/Quality Control) માં "સોફટવેર ટેસ્ટર" તરીકે તેમની કારકિર્દી બનાવી શકે તથા તે હેતુથી દર વર્ષે આ કોર્સનું આયોજન કરવામાં આવે છે. તેમને પ્રેક્ટીકલ ઓરિએન્ટેડ એપ્રોચ અનુરૂપ આઈટી ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ દ્વારા જ સંપૂર્ણ તાલીમ કોલેજ કમ્પ્યુટર લેબોરેટરીમાં આપવામાં આવી હતી. કોર્સના અંતે તેમનું મૂલ્યાંકન કરી સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા. એકસપર્ટ તરીકે આ જ સંસ્થાના એલ્યુમની વિદ્યાર્થી વિવેક પટેલ કે જેઓ સોફટવેર ટેસ્ટર તરીકે ૮ વર્ષથી પણ વધુનો અનુભવ ધરાવે છે. તેમના દ્વારા વિદ્યાર્થીઓને મેન્યુઅલ અને ઓટોમેટેડ ટેસ્ટિંગના ફંડામેંટલ્સની માહિતી તથા આઈટી ઈન્ડસ્ટ્રીના ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ અને ચેલેન્જીસ વિષે વિસ્તૃત રૂપે માહિતી આપવામાં આવી હતી. ઉપરોક્ત કોર્સના આયોજન અને સંચાલન માટે કોલેજના પ્રિન્સિપાલ ડો. રૂપેશ વ્યાસ તથા કોર્સ કોર્ડીનેટર ડો. રીચા મેહતા, પ્રો. પ્રિયંકા શાહ અને પ્રો. કેતન સાળુંકેના સહયોગ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## શાહપુર પ્રાથમિક શાળાના આચાર્યનું સન્માન

ગાંધીનગર, તા.૭

અખિલ ભારતીય સદગુરુ સંત કબીર આશ્રમ નાગૌર રાજસ્થાન દ્વારા સમગ્ર ભરતમાથી વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલા શિક્ષકો, સાહિત્યકારો તથા કલા રસિકોનો સમ્માન સમારંભ તાજેતરમાં ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ન્યુ દિલ્હી ખાતે યોજવામાં આવ્યો. જે પૈકી ગુજરાતમાંથી આઠ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર તાલુકાની શાહપુર શાળાના આચાર્ય અશ્વિનભાઈની પસંદગી થતાં કબીર કોહિનૂર એવોર્ડ થી સન્માનપત્ર તથા વિશિષ્ટ ટ્રોફીથી સન્માન કરવામાં આવ્યું હતું. અશ્વિનભાઈ દ્વારા નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ શાળામાં ભારતીય સંસ્કૃતિથી વિદ્યાર્થીઓને અવગત કરવા માટે ખાસ નવતર પ્રયોગ કરાયો હતો. જેની તાજેતરમાં રાજ્ય કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૩ માટે પણ પસંદગી કરવામાં આવી છે.



## ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર શહેર દશગામ ગોસ્વામી સમાજનો વાર્ષિક સ્નેહમિલન, ઈનામ વિતરણ, બઢતી, નવનિયુક્તિ સન્માનનો કાર્યક્રમ આગામી ૨૫મી ફેબ્રુઆરીના રોજ સેક્ટર-૧૬, રંગમંચ ખાતે સાંજે ૪ કલાકે રાખવામાં આવેલ છે. ત્યારે જ્ઞાતિબંધુઓએ તેમના બાળકોની માર્કશીટ મોકલવાની બાકી હોય તેમણે તા. ૧૫-૨-૨૦૨૩ સુધીમાં સમાજના હોદ્દેદારોને મોકલી આપવાનું જણાવવામાં આવે છે.

# સમદર્શન આશ્રમમાં પૂજ્ય ગુરુમાના સત્સંગના રજત જયંતિ વર્ષ 'કૃપાપર્વ'ની ઉજવણીનો ગરિમામય આરંભ

## દયામાં થોડો દંભ હોઈ શકે, કરુણામાં ક્યારેય નહીં : શાહબુદ્દીન રાઠોડ : પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે 'જીવન જીવવાની જડીબુટ્ટી' વિશે મનનીય વક્તવ્ય આપ્યું




ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં સમદર્શન પરિવાર દ્વારા 'કૃપાપર્વ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. 'કૃપાપર્વ' એટલે ઈશ્વરકૃપા, શાસ્ત્રકૃપા અને વિશેષ કરીને ગુરુકૃપા. સમદર્શન આશ્રમના પરમ પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજીએ ગાંધીનગરના વર્ષ ૧૯૯૮ થી સત્સંગનો શુભારંભ કર્યો છે. પૂજ્ય ગુરુમાના સત્સંગને ૨૫ વર્ષ પૂર્ણ થયા. સત્સંગના રજતજયંતી વર્ષની ઉજવણી 'કૃપાપર્વ' તરીકે થઈ રહી છે. વધુને વધુ લોકો પૂજ્ય ગુરુમાના સત્સંગનો લાભ લે અને પોતાના જીવનમાં સમૃદ્ધિ આણે એવી અભ્યર્થના સાથે વર્ષભર 'કૃપાપર્વ' અંતર્ગત વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાશે. 'કૃપાપર્વ'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શાહબુદ્દીનભાઈ રાઠોડના વક્તવ્યનો કાર્યક્રમ યોજાયો હતો. પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડને તા. ૯ મી ડિસેમ્બરે ૮૬ મુ વર્ષ બેઠું. તાજેતરમાં જ એમણે સ્ટેજ-શૉના ૫૩ વર્ષ પૂરાં કર્યાં. આનંદ અને અધ્યાત્મના અદ્ભુત સંગમસમા શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડની હળવી વાતોમાં અધ્યાત્મનું ઊંડાણ હોય છે. સમદર્શન આશ્રમમાં શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે 'જીવન જીવવાની જડીબુટ્ટી' વિષય અંતર્ગત આપેલા વક્તવ્યના કેટલાક અંશો આપ સૌ વાચકો માટે... ઈશ્વર ખૂબ દયાળુ છે. તમે માંગો કે ન માંગો, વગર માંગે પ્રભુએ આપવાની ટેવ રાખી છે. સત્ય, પ્રેમ અને કરુણાની વ્યાખ્યા કરતાં શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડે કહ્યું કે, સત્ય એ છે જે તમે જોયું. પ્રેમ એટલે અપેક્ષા વિનાનું સમર્પણ. કરુણા એટલે સૌના માટે લાગણી. સત્યના માર્ગે સફર કરો એટલે સામે પ્રેમની પર્ણકુટિર આવે. દયામાં થોડો દંભ હોઈ શકે, કરુણામાં ક્યારેય નહીં. સ્વચ્છતા લાવવાની હોતી નથી, કચરો સાફ કરો એટલે ત્યાં સ્વચ્છતા જ છે. અજ્ઞાનને ઓળખવું એનું જ નામ જ્ઞાન છે. અસત્ય દૂર થાય એટલે જે બાકી બચે છે એ જ સત્ય છે. વ્યસન છૂટે એટલે તમે નિર્વ્યસની જ છો. માણસને પોતાની મૂર્ખામીનો ખ્યાલ આવે તે જ દિવસથી બુદ્ધિમત્તાની શરૂઆત થાય છે. જીવનમાં એકાદી કલાનો સંગ હોય તો તરી જવાય. જીવતરના તાર જેને જડી જાય છે એનો બેડો પાર છે. ધ્યાન ધરવાનું ન હોય, ધ્યાન રાખવાનું હોય. જીવનમાં જે ક્ષણ ગફલતની હોય છે, એ ક્ષણ પતનની હોય છે. એકાંત એટલે જે સ્વેચ્છાએ સ્વીકાર્યું છે તે. સંપત્તિ હોય એટલે મર્યાદા ઓળંગી શકાય. જેટલી મર્યાદા ઓળંગો એટલો અહમ્ સંતોષાય. માણસ અહમ્ ની ખીલી બદલતો નથી, ભીંતો બદલ્યા કરે છે. માણસનો "ૈં" હંમેશા કેપિટલ હોય છે, એટલે જ ખૂબ નડે છે. એ 'આઈ'ને આડો કરી નાખો તો ઈશ્વર તરફ જવાનો સેતુ બની જાય છે. દેશની મહત્તા સમજવી હોય તો વિદેશ જવું પડે, પરિવારથી છૂટા પડો તો પરિવારની મહત્તા સમજાય.

આશ્રમમાં પૂજ્ય ગુરુમાનો નિયમિત સત્સંગ યોજાય છે. દર સોમવારે અને શુક્રવારે; અઠવાડિયામાં બે દિવસ સાંજે ૬:૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધી ગીતાજીનો સત્સંગ યોજાય છે. અત્યારે ત્રીજા અધ્યાય 'કર્મયોગ' અંતર્ગત કર્મ કરવાની કળા વિશે પૂજ્ય ગુરુમાં દ્વારા ખૂબ સચોટ અને જીવનોપયોગી સત્સંગ ચાલી રહ્યો છે. દર રવિવારે અને ગુરુવારે સવારે ૭:૩૦ વાગ્યાથી ૮:૩૦ વાગ્યા સુધી ઉપનિષદનો સત્સંગ યોજાય છે. સમદર્શન આશ્રમ, સેક્ટર-૧માં સૌ કોઈ માટે નિયમિત યોજાતા આ સત્સંગનો ગાંધીનગરના ભાવિક ભક્તો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

## અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની શિબિરનો મગોડી ગામે શુભારંભ




ગાંધીનગર, તા.૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજની સાત દિવસીય શિબિરનો આજે મગોડી ગામે શુભ આરંભ થયો છે. આ સાત દિવસીય એનએસએસની શિબિરના ઉદઘાટન કાર્યક્રમમાં મગોડી ગામના સરપંચ શિલ્પાબેન પટેલ, મોન્ટે કાર્લો હાઈસ્કુલના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ, ટ્રસ્ટી વિપિનચંદ્ર પટેલ, આચાર્ય જયેશભાઈ ગોસ્વામી અને ગામના લોકો જોડાયા હતા. દીપ પ્રાગટ્યથી શિબિરનો શુભારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન અને સમગ્ર શિબિરની રૂપરેખા કોલેજના એન એસ એસ ના પ્રોગ્રામ ઓફિસર ડોકટર રણછોડભાઈ રથવીએ આપી હતી. સ્વચ્છતા, વ્યસન મુક્તિ, પાણી બચાવો, આરોગ્ય જાળવણી, પર્યાવરણની જાળવણી, અંધશ્રદ્ધા નિવારણ, મોબાઈલ એડિક્શન જેવી થીમ સાથે આ શિબિરમાં જુદા જુદા કાર્યક્રમો સાત દિવસ દરમિયાન થશે.

આ ઉદઘાટન કાર્યક્રમની આભાર વિધિ આસી.પ્રોફેસર અંજલી પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી યશપાલ રથવીએ કર્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ઠાકોર વર્ષાબેન ગણપતભાઈ ઉ.વ.૩૫, ધેધુ, માણસા
- સ્વ.સોલંકી બાબુભાઈ રામાભાઈ ઉ.વ.૫૮, ગાંધીનગર
- સ્વ.પરમાર બિરવાબેન દીપકકુમાર ઉ.વ.૪૯, ગાંધીનગર
- સ્વ.ઠાકોર કમુબેન અરજણજી ઉ.વ.૬૫, દંતાલીટેબા, કલોલ
- સ્વ.બિહોલા લીલાબેન કાળુજી ઉ.વ.૭૫, પાલજ